==================================================

**મહે. કલ્યાણપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. કલ્યાણપુર.**

==================================================

**ફોજદારી કેસ નં.૧૦૮૨/૨૦૨૨**
**આંક :– ०૯**

શ્રી સરકાર ... **ફરીયાદી**

**:: વિરૂધ્ધ ::**

વિરમભાઈ રાણશીભાઈ ભાદરવા,
ઉ.વ.૩૨, રહે. ધુમથર ગામ, ... **આરોપી**
તા. કલ્યાણપુર,જી. દેવભુમિધ્વારકા.

**ગુનો :–** ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ –૬૬(૧)(બી) મુજબ

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ તારીખ, સમય અને સ્થળે જાહેરમાં તહોમતદાર વગર પાસ પરમીટે પુષ્કળ કોઈ કેફી પીણાના નશો કરેલી હાલતમાં મળી આવી જાહેરમાં પકડાઈ જઈ ગુનો કરેલ હોય, પોલીસે સદર ગુનાની તપાસનાં અંતે આરોપી વિરૂધ્દ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યાર બાદ આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપીને તેઓની સામેનાં પોલીસ પેપર્સનાં કાગળો નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૦૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ કરેલ છે. તેમજ આંક–૦૮ થી ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ તેની ગુના કબુલાત પુરસીસમાં તેમજ મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તે ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે તેઓના કુટુંબની તમામ જવાબદારી તેઓનાં શીરે છે. આ પ્રથમ વખતનો

ગુનો છે, જેનો તેઓને ઘણો પસ્તાવો થાય છે ફરી આવો ગુન્હો નહી કરીએ તેની ખાત્રી આપેલ છે. તેથી દયા ભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વેચ્છીક રીતે પોતાની વિરૂધ્ધનો ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ કરવામાં આવી છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોય સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી.

(૪) વધુમાં નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચન્દ્રજી ઠાકોરનાં કેસમાં પ્રસ્થાપિત કરેલો સિધ્ધાંત ધ્યાને લેતાં જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા આ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે, તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં ગુના અંગેની સજાની જોગવાઈ, કેસની હકીકત અનં સંજોગો ધ્યાને લેતા આરોપીને બસક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૩૦૦/- (અંકે રૂપિયા

ત્રણસો પૂરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, જો આરોપી દંડ ના ભરે તો કસૂર બદલ દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ–૧૨, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨.
કલ્યાણપુર (Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.